# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૦ સને ૨૦૨૩ સં.૨૦૭૯

અંક : ૯ મહા-જાન્યુઆરી સળંગ અંક-૧૨૭



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ **અહો નવકાર !!!**

★ **લોકપ્રકાશના ભાવો, લોકભોગ્ય ભાષામાં..**

★ **આ અંકની લઘુકથા**

★ **અનુમોદનાનો અમૃતથાળ**


## આર્ષવાણી

**अन्नन्नदेसजाया,**

**अन्नन्नाहारवड्ढियसरीरा।**

**जिणसासणपवन्ना,**

**सव्वे ते षन्धवा भणिया।।**

ભિન્ન ભિન્ન દેશમાં જન્મેલા હોય, ભિન્ન ભિન્ન આહારથી વૃદ્ધિ પામેલા શરીરવાળા હોય (પરંતુ) જિનશાસન પામેલા હોય તો તે તમામ બાંધવ(સાધર્મિક) જાણવા.

શ્રીજિનેશ્વરભગવંતની પૂજા, ગુરુભગવંતની ઉપાસના, સ્વાધ્યાય, સામાયિક, તપ અને દાન : આ છ કાર્યો ગૃહસ્થે-શ્રાવકે રોજ કરવાં.



## ★ અહો નવકાર !!! ★★★

**- પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય ભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

(ગતાંકથી...)નિષ્કલંક પુરવાર થયેલા, પરીક્ષામાં સો ટચના સોના તરીકે પાસ થયેલા, બદનામ કરવાના રચેલા પેંતરામાંથી સન્માન પામેલા એવા સુદર્શન વાજતે ગાજતે પોતાને ઘરે પહોંચી ગયા છે. શારીરિક અને માનસિક: બંને પ્રકારની વેદનામાંથી મુક્તિ મળવાના કારણે કોને આનંદ ન હોય ? પરંતુ આ આનંદના સમયે સુદર્શનના મનમાં કયા વિચારોએ પડાવ નાખવા માંડ્યો છે ? હવે તો નગરના નાગરિકો જ નહીં, રાજા મંત્રી- પ્રધાનાદિ તમામ લોકો મને માન આપશે. રાજ્યમાં અને નગરમાં મારી કેવી કદર થશે ? મારે કોઈને સલામ નહીં ભરવી પડે. લોકો મને સલામ ભરશે. ઠેર-ઠેર મને સન્માન મળશે. મારી કિંમત અંકાશે. મારું સ્થાન લોકોના ઘરોમાં, દુકાનોમાં કે રાજ દરબારમાં જ નહીં, લોકોનાં હૈયામાં થઈ ગયું! ભલ-ભલા રાજા-મહારાજાઓને આમજનના હૃદયમાં સ્થાન નથી મળતું !

આવા વિચારો મહાશ્રાવક -સુદર્શનના ચિત્તમાં નથી રમી રહ્યા..તેના અંત:કરણમાં અલગ ભાવોએ સ્થાન મેળવવા માંડ્યું છે ! અધ્યાત્મનાં ઊંચા શિખરો સર કરવા માટે તેના વિચારો મથી રહ્યા છે. તેના માટે મંથન ચાલી રહ્યું છે.મંથન કર્યા વગર તો માખણ(સાર)ક્યાંથી મળે ? સામાન્ય વિચાર નહીં, એ જ વિચારો પરિપક્વ બને છે, દૃઢ બને છે, ત્યારે પરિણામ પ્રાપ્ત થાય છે. વિચારો મૂલ્યવાન પણ હોય છે, તેમ મૂલ્યહીન(કિંમતવગરના અથવા બિનઉપયોગી) પણ હોય છે.

ભૌતિક ક્ષેત્રના તમામ વિચારો કઠિન પુરુષાર્થ કરવા છતાં ફળતા નથી. અધ્યાત્મક્ષેત્રના વિચારોને યોગ્ય પુરુષાર્થનો સાથ મળતાં જ અલ્પ સમયાવધિમાં જ ફળે છે. તમે સૂક્ષ્માવલોકન કરશો તો સમજાશે કે **રાગના પુરુષાર્થ કરતાં વૈરાગ્યના પુરુષાર્થમાં સફળતા જલદી સાંપડે છે.** ઈલાચીપુત્રે નટડીના રાગમાં સફળતા મેળવવા માટે કેટલો સમય વીતાવ્યો ? કેટલો ભગીરથ પુરુષાર્થ કર્યો?જીવ સટોસટના ખેલ કર્યા..હજી સફળતા નથી મળતી. તે જ વ્યક્તિને આંખ સામે આવેલા મુનિવર અને પદ્મિની સ્ત્રીનાં દૃશ્યનો વિચાર કરતાં દોરડા પર જ વૈરાગ્ય અને ત્યાં જ કેવળ-જ્ઞાનની પ્રાપ્તિ કરવામાં અલ્પ સમયનો,અલ્પ પુરુષાર્થ સફળતા અપાવી ગયો!!

અલબત્ત,**રાગનું લાંબુ આયુષ્ય દુર્ગતિ અને દુ:ખોની વણઝાર ખડી કરી દે** છે, જ્યારે વૈરાગ્યનું લાંબુ આયુષ્ય સુખ અને આનંદની કાયમી પ્રાપ્તિ કરાવી દે છે! ગુણોથી આત્માને ભરી દે છે. તેના સુખ અને આનંદને કોઈ પડકારી શકતું નથી. જગતનો સમ્રાટ પણ તેની હોડમાં ઊતરી શકતો નથી! **રાગનું ઊભું થયેલું**

**વાવાઝોડું આત્માના ગુણોને હચમચાવી નાખે છે, જ્યારે વૈરાગ્યનો ફુંકાયેલો પવન દોષોને વેર-વિખેર કરી મૂકે છે !** રાગ બહારની અને અંદરની બંને દુનિયામાં પાયમાલી સર્જે છે. વૈરાગ્ય તો બંને દુનિયામાં ખુશહાલી સર્જે છે. **રાગની આગ બધાને દઝાડે છે. વૈરાગ્યનાં નિર્મળ નીર તો સૌને ઠારે છે.**

પોતાના અંતરમાં રમતા વિચારોને શબ્દ દેહ આપતાં મહાત્મા સુદર્શને પત્ની મનોરમાને કહ્યું : પુત્ર-ધનાદિના મોહમાં પડેલા જીવ પોતાના આયુષ્યની પૂર્ણાહુતિ થવા આવે, જીવનનો કિનારો આવી જાય તોય પૂર્વાપર(ભૂત-ભાવિ)નો વિચાર કરવા સાવધાન બનતો નથી. માત્ર વર્તમાનનો અને ટૂંકા ભવિષ્યનો જ વિચાર કરે છે. તે વિચાર પણ મોહની પ્રેરણા પામીને કરે છે. તે માટે જ તેનું પરિણામ દુઃખદ આવે છે. લક્ષ્મી અને લલના(સ્ત્રી)ના પાશમાં મૂઢ-ગમાર બનેલો જીવ આ ભવ રૂપ નાટકમાં નટની જેમ નાચ્યા જ કરે છે ! કોણ જાણે આવો વિટંબણા ભર્યો જીવનો સંસાર કેટલા કાળથી ચાલતો હશે ? છતાં પોતાના જ ભૂતકાળની ઘોર યાતનામય સ્થિતિને ભૂલીને ફરી મોહરાજાના ઈશારે, એ જ કદર્થના ભર્યા ભવિષ્યનું નિર્માણ કરવા હોંશે હોંશે તૈયાર થઈ જાય છે ! મોહરાજાએ શાન-ભાન ગુમાવી દેનારી કઈ મદિરા પીવડાવી દીધી છે, તે સમજાતું નથી. સમ્યગ્દૃષ્ટિનો અભાવ અને અજ્ઞાનતાનો પ્રભાવ એને વિશેષ અંધકારમય સ્થિતિમાં ઘેરી લે છે ! મૃગજળની આભાસી દુનિયામાં એ અટવાઈ જાય છે. સાક્ષાત્ મળેલું પાણી જ્યારે તેની તરસ ન છિપાવી શક્યું ત્યારે ઝાંઝવાનાં નીર તેને તૃષામુક્ત કઈ રીતે બનાવી શકે ?

જ્યારે જીવની દૃષ્ટિ બદલાય છે ત્યારે આંતરિક પરિણતિમાંય મોટું પરિવર્તન આવે છે. પરિણામોના આધારે અધ્યવસાય અને લેશ્યાનું નિર્માણ થાય છે. તેના આધારે કર્મોનો બંધ થાય છે. માટે જ કહેવાય છે કે 'ક્રિયાએ કર્મ, ઉપયોગે ધર્મ અને પરિણામે બંધ' અહીં માત્ર બાહ્યપ્રવૃત્તિને નહીં, તેના કરતાં વધારે અંતરની વૃત્તિ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. કર્મ બંધમાં રસ વૃત્તિના આધારે પડે છે, પ્રવૃત્તિના આધારે નહીં.

પ્રવૃત્તિ અશુભ (પાપની)હોવા છતાં વૃત્તિ ધર્મની હોય તો તે જીવનો ઘણો બચાવ થઈ જાય છે. એવા જીવને કર્મસત્તા, ધોબી પછાડ આપી શક્તી નથી. વળી, જો શુભવૃત્તિ અને શુભપ્રવૃત્તિનો સુભગ સંયોગ થઈ જાય તો ધાર્યું પરિણામ મેળવવામાં લાંબો સમય લાગતો નથી. શુભવૃત્તિવાળાની અશુભ પ્રવૃત્તિ ભાવ વગરની હોય છે. તેમાં મન મળતું નથી. પ્રવૃત્તિ કરતાં હંમેશા વૃત્તિની તાકાત હજારો ગણી વધારે હોય છે.

સુદર્શનની શુભવૃત્તિમાં હવે ક્ષણે ક્ષણે ઉછાળો આવી રહ્યો છે. પરિણામની



વિશુદ્ધિ વધી રહી છે. શુભવૃત્તિ વગર શુભભાવ ક્યાંથી જાગે ? રાગ-દ્વેષ-શત્રુતા-દોષદૃષ્ટિ-વિષયાસક્તિ વગેરે દુષ્ટભાવોને કાઢ્યા વગર શુભવૃત્તિનો જન્મ ક્યાંથી થઈ શકે ?

શ્રાવક તેનું નામ જે હંમેશા ઘરવાસનો ત્યાગ કરી યથાશીઘ્ર સંયમજીવન-નિષ્પાપજીવન જીવવા માટે અધીરો હોય. તે જ રીતે પોતાનાં સંતાનોને પણ સંયમની એવી વાતો કરતો હોય, સંસારની પાપમયતા, દુઃખમયતા અને સ્વાર્થમયતા સમજાવી તેમને પણ સંયમજીવનને અભિમુખ બનાવી દીક્ષા અપાવવાના ભાવોમાં રમતો હોય. ઘર-સંસારમાં રહ્યો હોય પણ એમાં રમતો(રાચતો) ન હોય ! સંસારની પ્રત્યેક પાપપ્રવૃત્તિ નીરસપણે કરતો હોય. પાંજરામાં પૂરાયેલો સિંહની જેમ સંસારની જેલમાંથી જલદી ભાગી છૂટવાની યોજના ઘડતો હોય. સંયમ જલદી ઉદયમાં આવે તે માટે વિવિધ નિયમો-વ્રતો આરાધતો હોય, અભિગ્રહો ધારણ કરતો હોય.

મનોરમાની સામે પોતાની ભાવના વ્યક્ત કરતાં સુદર્શન કહે છે. સંસાર પાપોથી ખદબદી રહ્યો છે. નજરે દેખાતી તમામ ભૌતિક - પૌદ્ગલિક સામગ્રી નાશવંત છે, અનિત્ય છે. **'સર્વં ક્ષણિકમ્'** શરીર -ધન-પરિવાર-ઘર-ઝવેરાત-રાચ-રચિલું વગેરે બધું જ ક્ષણિક હોવાથી તેનો ભરોસો કરવા જેવો નથી. જે નજરે દેખાય છે તેમાંનું કાંઈ જ શાશ્વત-હંમેશા ટકવાવાળું નથી. જે શાશ્વત છે, તે ચામડાની આંખે દેખાતું નથી. આત્મા શાશ્વત છે. આત્માના સ્વાભાવિક-ક્ષાયિક ગુણો શાશ્વત છે. હાલ તે કર્મોના કારણે ઢંકાયેલો છે. તેમાં વિકૃતિ આવેલી છે. આત્મા અનંત ગુણોનો સ્વામી અને અનંત શક્તિનો માલિક હોવા છતાં હાલ ગુલામ જેવી દશામાં જીવી રહ્યો છે. પરાધીનતા અને પરતંત્રતાની સ્થિતિમાં જકડાયેલો છે. ચાર ગતિ અને ચોરાશી લાખ યોનિમાં પરિભ્રમણ કરી રહ્યો છે. એની સ્વતંત્રતા છીનવાઈ ગઈ છે. જીવ બિચારો અને રાંકડો બની ગયો છે ! મોહરાજાએ એની શક્તિઓને તિરોહિત કરી દીધી છે. સંસારની માયાજાળમાં એ ફસાઈ ગયો છે.

આવા જીવની છીનવાઈ ગયેલી સ્વતંત્રતાને પરત મેળવવા, શાશ્વત આનંદમય સ્થિતિને પ્રાપ્ત કરવા ચારિત્ર જ એક રાજમાર્ગ છે. અનંત તીર્થંકર ભગવંતોએ સ્વયં સ્વીકારીને, જગતને પાપ-દુઃખ મુક્તિના એકમેવ ઉપાયરૂપે ફરમાવેલા સંયમનું જ હવે શરણ કરવું યોગ્ય છે. મારું મન હવે આ સંસારથી ઊભગી ગયું છે. ભૌતિક સુખ-દુઃખની ચક્કીમાં ક્યાં સુધી પીસાવાનું ? પાપની સતત આવક કરી આપતા આ ગૃહવાસમાં ક્યાં સુધી રહેવાનું ? **જેલમાં રહેલા કેદી જેટલી પણ સ્વતંત્રતા આપણી પાસે નથી.** મારું મન હવે વૈરાગ્યવાસિત બન્યું છે. ભૌતિક પદાર્થો અને ભૌતિક સંબંધોથી વિરક્ત બની ગયું છે. માટે જીવને

સ્વતંત્રતા બક્ષનાર, કર્મની જોહુકમીથી છોડાવી શાશ્વત પદ-પ્રતિષ્ઠાની ભેટ ધરનાર ભાગવતી દીક્ષા સ્વીકારવાનો મનોરથ મારા દિલમાં જાગ્યો છે. નાશવંત અને નજીવી કમાણી કરવામાં; મહામહેનતે અને મહાન પુણ્યોદયથી પ્રાપ્ત થયેલા માનવ જન્મને ગુમાવવો નથી. દેવોનેય દુર્લભ આ જન્મને હવે સફળ બનાવવો છે. મળેલી બુદ્ધિની સફળતા પણ એમાં જ છે. **મહામૂલ્યવાન માનવ જન્મની કિંમત લાખો-કરોડો રત્નોથી પણ આંકી શકાય તેમ નથી.** આનો અર્થ એ છે કે- કરોડો રત્નો ચૂકવવા છતાં આવો; આર્ય દેશ-કુળ યુક્ત, પાંચ ઈન્દ્રિયોની પરિપૂર્ણતાવાળો, નીરોગી શરીર અને દીર્ઘ આયુષ્યવાળો, રત્નત્રયીની આરાધના કરવા યોગ્ય સામગ્રીવાળો માનવજન્મ ખરીદી શકાતો નથી.

હવે હે ભદ્રે! આ મારા મનોરથને પૂર્ણ કરવાની મારી ભાવનામાં વિઘ્ન-અંતરાય ન કરતાં; સંમતિ આપી અને ઉત્સાહ વધારવાની તારી ફરજ છે. સંસારનું વ્યવહાર શકટ-ગાડું આપણે દંપતિધર્મની સડક પર ઘણા સમય સુધી ચલાવ્યું છે. હવે મારા જીવન-શકટને સંયમના પથ પર ચલાવવા ઈચ્છું છું. સંસારના કિચ્ચડમાંથી હવે જીવને ઉગારવાનો છે. બાકી ભોગની ગમે તેટલી સામગ્રી મળે, ગમે તેટલો કાળ મળે તોય જીવને તૃપ્તિ થવાની નથી. માનવલોક કરતાં દેવના ભવમાં આયુષ્ય ઘણું લાંબું એટલે કે પલ્યોપમ-સાગરોપમ(ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમનું) જેટલું વિશાળ હોવા છતાં તેને ભોગ-ઉપભોગથી તૃપ્તિ નથી થતી, તો ટૂંકા જીવનમાં અહીં સંતોષ ન જ થાય, એ સ્વાભાવિક છે. **સંસારનાં કહેવાતાં સુખો પણ સ્વાધીન નથી,પરાધીન છે.**પરાધીનતામાં આનંદ માણવો તે તો મૂર્ખાઈ છે.

મોહરાજા લાલ-પીળા અને લલચામણા પદાર્થો બતાવીને જીવને છેતરવાનું કાર્ય કરે છે! કોઈ માનવ કદાચ આપણને છેતરી જાય તો તેને શિકસ્ત આપવા,તેને પછાડવા કે બદલો લેવા આકાશ-પાતાળ એક કરીએ છીએ પરંતુ મોહરાજાના આવા વર્તન સામે પ્રતિકાર કરવાની જગ્યાએ જીવો ઘુંટણિયાં ટેકવી દે છે, એ આશ્ચર્ય પામવા જેવી ઘટના છે.

મોહરાજાની ઠગવાની કળા જ એવી છે કે-બુદ્ધિના અને સંપત્તિના બાદશાહો પણ તેને કળી શકતા નથી. ઠગાયા બાદ પણ તેનો સંબંધ તોડવા જીવો તૈયાર થતા નથી! ધોળે દિવસે અને જાગ્રત અવસ્થામાં જીવને લૂંટવા છતાં તેને એનો અહેસાસ-અનુભવ થતો નથી. જાણે ઓપરેશન સમયે ડૉક્ટરે દર્દીને ક્લોરોફોમ આપી બેહોશ બનાવી દીધો ન હોય! વળી, મોહરાજાના વિશ્વાસુ સેવકો અને સેવિકાઓ જીવની સેવામાં એવા ગોઠવાઈ જાય છે કે-જીવ એમાં ફસાઈ જાય છે. તેની આંખો પર પાટા બાંધી દીધાં હોય ને બુદ્ધિ ઉપર કબ્જો જમાવી દીધો હોય તેવી હાલત કરી



નાખે છે !!

મોહરાજાની ચાલાકી એવી હોય છે કે **માલિક ગણાતા જીવને વર્કીંગ પાર્ટનર ગણાતી ઈન્દ્રિયો અને મેનેજર ગણાતા મનને વશ કરી લે છે !** તેને વશમાં લેવા માટે વિવિધ વિષયો પૂરા પાડે છે. ચોરી કરવા નીકળેલો ચોર જેમ ભસતા કૂતરાને રોટલાના બે-ચાર ટુકડા આપી ભસવાનું બંધ કરાવી છે ને આસાનીથી ચોરી કરી લે છે, તેવો જ ઘાટ મોહરાજા ઘડીને જીવને લૂંટી લે છે. જીવ જ્યારે આ ઘટનાથી વાકેફ થાય ત્યારે બાજી હાથમાંથી ચાલી ગઈ હોય છે. પછી 'હાર્યો જુગારી હાથ ઘસે' એવી કફોડી હાલતમાં મુકાઈ જાય છે!

ધર્મ અને સંસારના ભાવોને જાણી ચૂકેલી, આત્મા અને કર્મ વચ્ચેના અનાદિ કાળથી ચાલતા દ્વંદ્વ યુદ્ધથી સારી રીતે વાકેફ મહાશ્રાવિકા મનોરમા સુદર્શનની વાત નકારી શકે તેમ નથી. પ્રાણનાથની વાતને પડકારી શકે તેમ નથી.સમજુ અને વિવેકી મનોરમાએ તમામ વાતો સાંભળી, અંતરાત્માએ તો તમામ વાતોને સ્વીકારી લીધી ! પતિદેવના વાસ્તવિકતાને જણાવતાં અને સત્ય નીતરતાં વચનો સાંભળી મનોરમા ક્ષણવાર તો વિચારમાં પડી ગઈ..પરંતુ ધર્મથી વાસિત હોવાના કારણે તેના દિલમાં વિવેકરૂપ દીપકની જ્યોત પ્રગટી.

**જ્યારે જ્ઞાનદીપકમાં વિવેકજ્યોત પ્રગટ થાય છે ત્યારે નિર્ણયો સંસારના પક્ષે નહીં, અધ્યાત્મના પક્ષે લેવાતા હોય છે.** આત્મા ધર્મના પક્ષમાં મત આપતો થઈ જાય છે. સંસારનો પક્ષપાત નાશ પામે છે, ચાલ્યો જાય છે. તે સંસારમાંય ભલે રહ્યો હોય પરંતુ સંસારનો પક્ષપાત તો નહીં જ હોય. કારણ,મિથ્યાત્વમોહનીય વિદાય થઈ જવા સાથે સમ્યગ્દર્શનનું આગમન થઈ ગયું હોય છે. સમ્યગ્દર્શનની હાજરી માત્ર પણ મનોવૃત્તિમાં ધરખમ પરિવર્તન લાવી દે છે. મિથ્યાત્વની હાજરીમાં મોહરાજાનો પક્ષપાત હોય છે, જ્યારે સમ્યગ્દર્શન આવ્યા પછી જ્ઞાનીઓનો અને જ્ઞાનીનાં ટંકશાળી અમૂલ્ય વચનોનો પક્ષપાત આવી જાય છે.

મનોરમાના દિલમાં સમ્યગ્દર્શનનો ઉદય થઈ ગયો હોવાથી સુદર્શનના જ્ઞાનગર્ભિત વૈરાગ્યની વિરુદ્ધમાં તો મત ન જ આપે! **સમ્યગ્દર્શન આવતાંની સાથે જ જ્ઞાન પણ સમ્યગ્ બની જાય છે.** સદ્બોધના યોગે સુદર્શનની સંયમની ભાવનાની આડે તો ન જ આવે ને ?આવી સુંદર ભાવનાને વધાવી લેવાની જ વાત હોય, તે મુજબ મનોરમાએ જવાબ આપતાં સ્વામીનાથને કહ્યું: હે સ્વામિન્! આપના પવિત્ર વિચારોએ મને રોમાંચિત કરી દીધી છે. આપશ્રીના દિલમાં ઊઠેલા આત્મકલ્યાણના ભાવોને હું કઈ રીતે અટકાવી શકું ? હું શા માટે માર્ગમાં કાંટારૂપ બનું ? પ્રભુમાર્ગને સમજેલી, બંને પક્ષ(પિયર-સાસર)ના ધર્મ -સંસ્કારો મેળવેલી હું જો આ શુભકાર્યમાં

અંતરાય નાંખું તો મારા સંસ્કારોને અને કુળને લજવ્યાં ગણાય. હે નાથ! આપના એ ઉત્તમ મનોરથને સફળ કરવા મારી સહર્ષ અનુમતિ આપું છું અને આપની ઉત્કૃષ્ટ ભાવનાની હાર્દિક અનુમોદના કરું છું. મારા માટે પણ અહોભાગ્યની આ વાત છે.

આપશ્રી પહેલેથી જ ધર્મદૃઢતાવાળા હોવાથી આપના ચારિત્રપાલનમાં મને લેશપણ શંકા નથી. આપ સુખે સુખે નિરતિચાર ચારિત્રની આરાધના કરી શકશો. આપ ઉત્તરોત્તર સંયમની વિશુદ્ધિમાં આગળ વધતાં ગુણસ્થાનકની શ્રેણિમાં આગળ વધો. ક્ષપકશ્રેણિ માંડી શિવલલના-શિવસુંદરીની લાલિત્ય લીલામાં લીન થઈ જાઓ; એવી હાર્દિક શુભેચ્છા વ્યક્ત કરું છું. અનંતકાળથી ચાલી આવતી ભવભ્રમણની વિટંબણામાંથી શાશ્વત મુક્તિ પામો..

(ક્રમશઃ) ધ

## ★ હે ગુણનિધિ ! તું ગુણોનો ખજાનો, હું દોષોનો..★★★

**- શ્રીભક્તિમિત્ર**

હે ભગવાન! મને દુઃખોથી નહીં, દુઃખમાં આવતી અસમાધિથી, દુઃખમાં નિમિત્ત બનનાર જીવો તરફ પેદા થતા દ્વેષથી બચાવ. દુઃખોનાં કારણસ્વરૂપ પાપોથી બચાવ. **દુઃખથી ડરવું, તે કાયરતાની અને અજ્ઞાનતાની નિશાની છે. પાપથી ડરે તે જ સાચો વીર અને જ્ઞાની છે.** આપે તો દુઃખને આવકાર્યું છે. પીડાને પ્રસન્નતાથી સહી લીધી છે. જ્યારે આપનો ભક્ત ગણાતો હું દુઃખથી ભાગું છું.. દુઃખને દૂર કરવાનો જ પુરુષાર્થ કરું છું. પાપ પ્રત્યે તિરસ્કાર પેદા થતો નથી. અલબત્ત, દુઃખથી બચવા પાપના જ શરણમાં ચાલ્યો જાઉં છું..ભગવન્!ક્યાંથી મારું કલ્યાણ થશે? **'પાપનો સંબંધ તોડ્યા વગર દુઃખથી છૂટકારો ન જ મળે'** આવા ટંકશાળી આપનાં વચનને જાણવા છતાં, ખરા અવસરે જ એ બુદ્ધિમાં વિકાર પેદા થાય છે ને અનાદિકાળના દુઃખ-દ્વેષના સંસ્કાર તરોતાજા થઈ જાય છે. તેના યોગે દુઃખના સમયે(પાપ કર્મના ઉદયકાળમાં) દુર્ધ્યાનના રવાડે ચઢી જાઉં છું.વળી, પુનઃ પુનઃ પાપથી આત્માને ભારે બનાવી દઉં છું.

હે આત્મજ્ઞાની! તેં તો સમ્યગ્જ્ઞાનના અંજનદ્વારા ભવ્યાત્માઓની અજ્ઞાનતા દૂર કરી. અંધકારને હટાવી પ્રકાશ પાથર્યો. કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યા બાદ તેં જગતને માત્ર શુભનું જ દાન કર્યું. જેનું પરિણામ સારું જ, સુંદર જ આવે તેવું જ દાન કર્યું. એમાં સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન-સમ્યક્ચારિત્ર-સમ્યક્તપ આદિનો સમાવેશ થાય છે. આમાં સમ્યગ્જ્ઞાન પાયો છે. એનાથી આગળનાં સોપાન સહજ બને છે. જાણકારી



મળ્યા પછી જ જોમ આવે છે. **ધર્મની સમજ વગર ધર્મનો પુરુષાર્થ ક્યાંથી થાય ? એ પુરુષાર્થને વેગ ક્યાંથી મળે?** ધર્મ-પુરુષાર્થ ન કરવા દેનારા મુખ્ય બે તત્ત્વો છે. ૧. અજ્ઞાનતા અને ૨.પ્રમાદ.જ્ઞાનીને પણ પ્રમાદ ધર્મ-પુરુષાર્થમાં આડખીલીરૂપ બને છે. પ્રમાદ જ્ઞાનીને પણ નિરુત્સાહી બનાવી દે છે. સમ્યગ્જ્ઞાન જીવને સદ્ધર્મ તરફ ખેંચે છે. **જ્યારે મોહરાજા અથવા પ્રમાદ જીવને ભૌતિક આકર્ષણ દ્વારા પાપના માર્ગે જવાની સુફિયાણી(!) સલાહ દે છે !**

હે જ્ઞાનમહોદધિ! સાગરનેય વામણો પુરવાર કરી આપે એવું-એટલું જ્ઞાન તારી પાસે છે. એ જ્ઞાનનું અભિમાન તારામાં રાઈ જેટલું પણ જણાતું નથી! લોક અને અનંત અલોક જેટલી સમગ્ર લોકાલોક સ્વરૂપ પૃથ્વીને હાથમાં રહેલા આંબળાની જેમ જોનાર હોવા છતાં ઘમંડનાં દર્શન થતાં નથી! તને જ્ઞાનમહોદધિ કહેતાં મને તારું અવમૂલ્યન થતું જણાય છે. સાગર તો સીમિત છે, જ્યારે તારું જ્ઞાન તો અમર્યાદિત છે. માત્ર બાળજીવોને સમજાવવા માટે તારા ગુણોને દુનિયાની લૌકિક ઉપમાઓ આપવી પડે છે. બાકી તો તારા ગુણોનું માપ કાઢવા,ગુણોને વાસ્તવિક સમજવા-સમજાવવા માટે જગતમાં કોઈ વસ્તુ જ નથી ! તું અલૌકિક છે, તેમ તારા એક એક ગુણોય અલૌકિક છે. વળી, તું તો આવા ૫-૫૦-કે સંખ્યાતા ગુણોનો સ્વામી નથી.તારા એક-એક આત્મપ્રદેશમાં અનંત-અનંત ગુણોનો વાસ (કાયમી નિવાસ) છે. અને આવા આત્મપ્રદેશો અસંખ્ય છે! માટે જ તો મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ. સ્તવનમાં જણાવે છે કે -'એક એક પ્રદેશ તાહરે ગુણ અનંતનો વાસ રે...' **હે ગુણનિધિ! તારી પાસે ગુણોનો તોટો નથી, મારી પાસે દોષોનો તોટો નથી. આ અંતર ક્યારે કપાશે ?**

હે પરમેશ્વર! જીવ તરીકે તું અને હું સરખા (સમાન) હોવા છતાં મારો જીવ; અજીવ(પુદ્ગલો)થી ઘેરાયેલો -દબાયેલો અને રાગ-દ્વેષવાળો છે. તારે અજીવનું કાંઈ-કોઈ જ બંધન નથી. હું તો અજીવનાં(કર્મરૂપી પુદ્ગલોનાં) બંધનોથી ગ્રસ્ત છું. તારામાં જગતમાં રહેલા અજીવ-પદાર્થોથી કોઈ વિકૃતિ નથી. હું તો રોજ નવા-નવા અજીવોની વિકૃતિથી પીડાઈ રહ્યો છું! અજીવોનો મન-વચન-કાયાને થતો સ્પર્શ (સંબંધ)મને નિત નવા રાગ-દ્વેષનાં બંધનો(તેના કારણે કર્મનો બંધ અને કર્મના ઉદયે નવી નવી વિકૃતિનો ભોગ બનાવે છે.)માં ફસાવે છે. આ રાગ-દ્વેષની મોહક જાળ મારી બુદ્ધિનેય વિકૃત બનાવી દે છે. **તું પ્રકૃતિનું સૌંદર્ય માણે છે ને હું વિકૃતિની પરાધીનતાથી પીડાઉં છું.** આઠે કર્મો મારી સ્વાભાવિક પ્રકૃતિને વિકૃત બનાવીને મને બેહાલ કરે છે. મારી અનેક પ્રકારની દર્દ-કહાની કઈ રીતે તને જણાઉં ?

હે પ્રભો! આ કર્મોના યોગે આવતી વિકૃતિઓ મને ક્યારેક ક્રોધી બનાવે છે તો ક્યારેક શાંત બનાવે છે.ક્યારેક દેવ બનાવે છે ક્યારેક ઝાડ-પાનના અવતાર આપે છે. ક્યારેક રાજાનો લેબાસ પ્રદાન કરે છે તો ક્યારેક ભિખારી બનાવી ભીખ મંગાવે છે. ક્યારેક રાગથી રંગી દે છે તો ક્યારેક દ્વેષનો ભોગ બનાવે છે. કોઈ સમયે ધન-બુદ્ધિ વગેરે એકાદ ચીજ આપીને અભિમાનથી અક્કડ બનાવે છે તો કોઈ સમયે બુદ્ધુ તરીકેનું પ્રદર્શન કરાવે છે..આવી તો કેટલી કથની કહું ? મારી વિડંબના અને કદર્થના કરવામાં કર્મસત્તાએ ક્યાંય કચાશ નથી રાખી.ઘણી વખત તો મારી બુદ્ધિ બેર મારી જાય છે. મારી વિચારશક્તિ કુંઠિત થઈ જાય છે. બહુરૂપી ગણાતો માનવ પણ આટલા વેષ નહીં બદલતો હોય! **ક્યારેક જગત મને રમાડે છે, ક્યારેક રંજાડે છે તો ક્યારેક વળી રવાડે ચઢાવી દે છે!** આ બધામાં મોહનીયકર્માદિનો હિસ્સો પણ હોય જ છે.

હે પાવિત્ર્યમૂર્તિ! રાગ-દ્વેષાદિની મલિનતા મને અપવિત્ર બનાવે છે. મારા વિચારોને પ્રથમ તબક્કે અપવિત્ર બનાવે છે. અપવિત્ર બનેલું મન વચનને અપવિત્ર બનવાની પ્રેરણા પૂરી પાડે છે. વળી,એ અપવિત્ર મન અને વચન કાયાને પણ અભડાવી મૂકે છે! તેના યોગે આત્માની પવિત્રતા જોખમાય છે. આત્મા અપવિત્ર બનવાના કારણે મારું ભવિષ્ય અંધકારમય, દુર્ગતિમય, સંસારની વિવિધ ગતિ-જાતિ વગેરેમાં ભટકવા સ્વરૂપ બની જાય છે. તેના યોગે મારો ધર્મ પણ દૂષિત બની જાય છે. રાગ મને દઝાડે છે તો દ્વેષ મને કાળો બનાવ છે. મોહરાજાના સેવકો ગણાતા રાગ-દ્વેષ-હાસ્ય-રતિ-અરતિ-ભય-શોકાદિ મારા આત્મા માટે દુશ્મન સ્વરૂપ છે. તેનાથી હે ત્રાતા! મારે કઈ રીતે બચવું, તેનું માર્ગદર્શન દે અને તે પ્રમાણે સાવધાન રહેવાનું કે ઝઝુમવાનું બળ પણ દે.

હે સ્વગુણભોગી! તું તો તારા(આત્માના)પોતાના ગુણોને ભોગવે છે. તેના કારણે તને કર્મનો બંધ નથી..તેમાં પરાધીનતા નથી. એ ક્રિયા સ્વાભાવિક હોવાથી વિભાવદશા(કોઈ પણ વિકૃતિ) નથી. સ્વભાવ-રમણતાના યોગે ભરપૂર નિજાનંદનો ભોક્તા છે. એ તમામ(અનંત) ગુણો તને સ્વાધીન છે. તારા ગુણો ક્ષાયિકભાવના હોવાના કારણે તેમાં ક્યારેય વિકૃતિ પેદા થતી નથી. મારા ગુણો(!) તો ઔદયિકભાવના અથવા ક્ષાયોપશમિક ભાવના હોવાથી તારક નહીં, મારક બની શકે છે. ક્ષણે ક્ષણે એ ભાવો મારા મન-વચન-કાયામાં પરિવર્તન(વિકૃતિસ્વરૂપ) પણ લાવે છે. તેથી કર્મોની નિર્જરા કરવાની જગ્યાએ; તને-તારા શાસનને પામ્યા પછી પણ કર્મનાં બંધનો ભોગ બનું છું! ક્યાં તારી સ્વભાવદશા ને ક્યાં મારી વિભાવદશા ?



હે અયોગી! કર્મબંધનાં કારણોમાં 'યોગ' પણ એક કારણ ગણાય છે. મારા દૂષિત મન-વચન-કાયાના યોગો મને અશુભ કર્મનાં બંધનોથી પ્રગાઢપણે બાંધે છે. પ્રભો! મને ક્યારે આમાંથી મુક્તિ મળશે? ૫

## ★ચાતુર્માસવિદાય(વિજય)ઉત્સવઃ ★★★

**સ્પીચઃ મેહુલ મહેન્દ્રભાઈ શાહ-મસૂર**

(પૂ.ગુરુદેવના મસૂરના ઐતિહાસીક ચાતુર્માસ બાદ વિહારના આગલા દિવસે તા.૧૪-૧૧-૨૦૨૨ કા.વ.૬ સોમવારે એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો. તેમાં પૂ.ગુરુદેવ આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શન સૂરીશ્વરજી મહારાજાને 'સન્માર્ગરક્ષક' પદ શ્રીસંઘે એનાયત કર્યા પૂર્વે એક મેહુલ નામના નવયુવાને જે સ્પીચ આપેલ..તે તેના જ શબ્દોમાં અહીં રજૂ કરી છે. સાંભળતાં તે સભામાં તમામ શ્રોતાની આંખોમાં અશ્રુનો પ્રવાહ હતો. પ્રેરણાત્મક હોવાથી અહીં અપાય છે. - **સંપાદક**)

गुरु का ये दर बहोत ही खास है,
परमात्मा का यहाँ कण कण बास है;
काफिला है यहाँ गुरु को चाहनेवालों का,
धूल गुरु चरणों की मस्तक पे चढानेवालों का।
हैरान है सोचनेवाले, क्यों ये इतना चमकते है?
क्यों गुरु के इश्क में, इनके दिल धड़कतें हैं ?
क्षितिज समान गुरु यहाँ, आसीन नज़र आते हैं,
यहाँ की हवाओं में भी, गुरु का आशिष पाया जाता है।
आसमान को क्या पता, वो कितना उंचा है ?
उसे तो बस आदत है, बरस जाने की;
सागर को क्या पता कि, वो कितना गहरा है ?
उसे तो बस आदत है झलक जाने की।
तो आओ, सारे आओ, सभी आओ,
हार के आओ, जित के आओ, मैले हो तो वैसे आओ;
धूले हो तो वैसे आओ, जैसे हो वैसे आओ।
गुरु का दिल बहोत बड़ा है, सब को समिट लेगा।
आओं और अपनी वफादारी से गुरु की मोहब्बत पाओं।

दामन पे लगे हर दाग को मिटा देगा।
उजड़े हुए हर बाग को खिला देगा, निखार देगा,
सँवार देगा। तुम को, तुम्हारी जिंदगी को, तुम्हारी हस्ती को।
इतरो मत अगर शेहनशाही भी मिल जाये,
और रुसो मत अगर बहोत कुछ खो जाये;
गम ना करो कभी कुछ हो जाने का,
खुशी इस बात की मनाओ कि गुरु मिल गये।

ये जो बातें कहानियाँ में कहनेवाला हूँ वो मेरी ही नहीं, सारे मसूरवालों की भावनायें हैं।

जब मसूर में शताब्दी के लिए गुरुदेव ने अनुमति दी, तब मसूर के बहोत से लोगों ने उनको देखा भी नहीं था। कईओं ने तो नाम भी पहली बार सुना होगा। लेकिन जब हमने उनके दर्शन किये तब उनके नाम जैसे 'भव्य दर्शन हुए। सचमुच उनके गुरुदेवने जो नाम दिया है, सार्थक है!'

बम्बई (भीवंडी)से मसूर तक विहार में गुरु सांनिध्य में रहने से हमें धर्म की पहचान हुई, जैसे गुरुजी हंमेशा कहा करते है उनके गुरुदेव ने अनगढ़ पत्थर से उनकी (अपनी)सुंदर मूर्ति बनाई। ठीक उसी तरह हमारे जैसे पत्थरों से मूर्ति बनाने की प्रक्रिया तभी शुरु हुई।

जैसे बारिश के आगमन से मोर नाचने लगते हैं, वैसे ही मसूरवाले भी शताब्दी के लिए गुरुदेव के आगमन पर नाचे थें। शानदार शताब्दी महोत्सव से तो मसूर का नाम फिर से रोशन हुआ।

आज जैसे हम रो रहे हैं, रोनेवाले हैं, भावुक हैं ..ऐसा ही एक दिन हमारे जीवन में भूतकाल में आया था..वह दिन था २१ जून २०१८ का।

जैसे माँ से बिछड़ने पर बच्चों को दुःख होता है, उसी तरह हमें गुरुदेव की विदाई से तब हुआ था।

और अब वो कहानी, जिस में हम-पत्थरों की मूर्ति बनाने का कार्य अधूरा छूट गया था, वो पूरा करने के लिए...हमारे जैसे संसार में भटकते हुए जीवों को राह दिखाने, हमारी डूबती जीवन नैया को पार लगाने के लिए फिर से



आये ! (त्यारे ગુરુદેવ ૧૧૦ દિવસ મસૂરમાં રોકાયા હતા ને ૧૦૦થી અધિક અનુષ્ઠાન કરાવ્યાં હતાં.)

**अरे, देखों देखों कौन आया ? 'जिनशासन का शेर आया...'**

दि.**26 May 2022** को पू. गुरुदेव का मसूरतीर्थ की धन्यधरा पर आगमन हुआ और मसूर का उज़ड़ा हुआ बाग वापस खिलने लगा, नवपल्लवित हुआ!

अब शुरु होती है दास्तान चातुर्मास की..

'चातुर्मास जयोत्सव' यानी **19 June 2022** के बाद, जिस में हम सबको कुछ ऐसे खट्टे-मिट्टे पल, यादें मिली है कि जिनको हम ताउम्र नहीं भूल सकतें।

ऐसा कहा जाता है-'जहाँ न पहुँचे रवि, वहाँ पहुँचे कवि; जहाँ न पहुँचे कवि..वहाँ पहुँचे अनुभवी।' ऐसे हमारे अनुभवों के सागर गुरुवर को हर क्षेत्र का ज्ञान है!

हमारे गुरुवर एक इंजिनियर है।
एक डॉक्टर है।
एक **Architecture** है।
एक व्यापारी है।
एक **Technician** है।

कुल मिलाकर वो एक **All Rounder** हैं, क्यों कि कोई भी काम हो..**plumbing, Electric** का, **Mechenic** का..सब क्षेत्रो की बारिकियाँ उन्हे पता है। (બે વર્ષ ટેકનિકલ સ્કૂલમાં અભ્યાસ પણ કર્યો છે.) हर क्षेत्र में हमें उनका अद्‌भुत मार्गदर्शन मिलता रहता है।

आज आप सब लोग इस बात से जागरुक है या नहीं, मुझे पता नहीं..पर...कल से बहोत बातें बदलनेवाली है। हमारी जिंदगी में बदलाव होनेवाला है।

- कल से मित-मोहित की जोड़ी तो होगी, लेकिन उनको काम और समझ देनेवाले गुरुदेव नहीं होंगे।

- कल से हम मंदिर में दर्शन -पूजा के लिए तो जरुर आयेंगे पर यहाँ

जिनवाणी सुनानेवाले गुरुजी नहीं होंगे!

- कल से हमारे घरों में खाना (रसोई) जरुर बनेगा, लेकिन धर्मलाभ नही सुन पायेंगे ! सुपात्रदान का लाभ नहीं होगा।

- कल से हम उपाश्रय-जिनालय में आयेंगे तब बार-बार ' हमारे साथ चलों' बोलनेवाले कोई नही होंगे।

- कल से मेरे पापा व्याख्यान के लिए विनंति करने को, बुलाने के लिए कहाँ जायेंगे ?

- कल से हमें मंदिर -उपाश्रय आने पर 'बका! नवकारशी केली का ? पूजा केली का ? सामायिक करायला, सिकायला येणार आहे ना ? ऐसा कहकर प्रेरणा देनेवाले नहीं रहेंगे!

- हम सुबह मंदिर आयेंगे, गुरुवंदन को आयेंगे..तब 'कल प्रतिक्रमण में क्यों नहीं आया ? ऐसी आत्मचिंता करनेवाले नहीं मिलेंगे ।'

- कल से श्राविकाओं को उपाश्रय में 'तमे खोटो टाईम बगाडो छो..वगेरेह (साध्वीજી म. न होवाथी) कौन कहेगा ?

- कल से प्रवचन में हमें भाग्यशाली ! पुण्यशाली ! आदि वात्सल्य के साथ तत्त्वज्ञान-समझ देनेवाले कौन रहेंगे ?

कल से हमारा सबका **Time-Table** बदल जायेगा। रात को आपके पास आकर बैठनेवाले कहाँ जायेंगे ?

हीरे की असली पहचान सिर्फ जौहरी को ही होती है। हीरे को तराशने का काम भी अच्छा कारीगर ही करता है।

हाँ, बहोत से बदलाव आपके जाने (विहार) के बाद होंगे, पर कुछ बदलाव आपके आने से भी हुए है, जैसे-

- जो सिर्फ पर्युषण में ही मंदिर आते थे वो रोज पूजा करने लगे। जिनका प्रतिक्रमण मात्र संवत्सरी को होता था, वो रोज या पर्वतिथि को करने लगे !

और सबसे बड़ी बात..जिसने कभी चौविहार (शाम का)नहीं किया था..उसने चौविहार उपवास, अट्ठम.. किया ! रिकार्ड तपश्चर्या हुई ! छोटे संघ में बहोत कुछ रिकार्ड प्रस्थापित हुए।



# 'સન્માર્ગરક્ષક' પદ એનાયત થયું તે લખાણ..

**મસૂર તીર્થ મંડન - શ્રીસુમતિનાથાય નમઃ**

**આ.ભ.વિજયમિત્રાનંદસૂરીશ્વર સદ્‌ગુરુભ્યો નમઃ**

**મસૂર જૈન સંઘના પરમોપકારી**

**પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજાને;**

**પોતાના જીવનમાં સન્માર્ગની આરાધના કરવા અને**

**અનેક વિપત્તિઓમાં પણ સન્માર્ગની રક્ષા કરવા બદલ**

## 'સન્માર્ગ રક્ષક'

**પદ એનાયત કરીએ છીએ.**

પૂજ્યપાદ મસૂરરત્ન, મહારાષ્ટ્રદીપક, સિદ્ધાંતસંરક્ષક, આ.ભ.શ્રીમદ્ **વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાના** કૃપાપાત્ર પટ્ટધર અને બહુમુખી પ્રતિભાસંપન્ન, આગમ-શિલ્પ-વિધિવિધાનવિશારદ, અનેક સંઘો અને જીવોના રાહબર, માર્ગથી ચલિત ન થવા સાથે શ્રીસંઘોને તથા ભવ્ય જીવોને વિચલિત ન થવા દેનાર પૂજ્યશ્રીને આ પદ અર્પણ કરવા દ્વારા શ્રીસંઘ આનંદની લાગણી અનુભવે છે.

**શુભ સ્થળ :**
જૈન ઉપાશ્રયપરિસર
મસૂર,તા.કરાડ,
જિ.સાતારા.
પિન:૪૧૫૧૦૬

**લિ. શ્વે.મૂ.જૈનસંઘ-મસૂર**
**તથા આરાધકો**
તા.૧૪-૧૧-૨૦૨૨,
વિ.સં.૨૦૭૯
કા.વ.૬ સોમવાર

# ★ અનુમોદનનાનો અમૃતથાળ ★★★

- સંકલન

પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૨ તથા પૂ.પ્ર.સાધ્વીજી ભદ્રિકાશ્રીજી મ.આદિ ઠા.૪ ની નિશ્રામાં થયેલી આરાધનાદિમાં કેટલાક બાકી રહેલા સમાચાર આપવામાં આવે છે.

દિવાળીના થયેલા છઠ્ઠવાળાને રૂા......ની પ્રભાવના આપવામાં આવી હતી. મસૂરમાં હયાત પેઢી માટે તો આચાર્યભગવંત (કે સાધુભગવંત) નું ચોમાસું પ્રથમ જ ગણાય. લગભગ ૬૦-૭૦ વર્ષ પૂર્વે મહાત્માઓનું ચાતુર્માસ થયાની વાત જાણવા મળે છે. કદાચ ભવિષ્યમાં ક્યારે થશે, તે પણ કહી ન શકાય. તેથી ભાવિક ભક્તોએ મનમૂકીને તપ-જપ-આરાધના-દાનાદિ કાર્યો કર્યા. તેના કારણે ચાતુર્માસ બધીરીતે યાદગાર બન્યું. એક-બે જ નહીં, ઘણા બધા રેકોર્ડ તૂટ્યા.

દિવાળીની જેમ જ્ઞાન પંચમીની આરાધના પણ જોરદાર થઈ. ઘણા ભાગ્યશાળીઓએ જ્ઞાનપંચમીનો તપ શરૂ કર્યો. જ્ઞાન પંચમી પર પ્રવચન થયાબાદ, દેવવંદન સમૂહમાં જ કરાવાયા, ત્યારબાદ ૫૧ દીવાની આરતી કરાવાઈ. ૫૧ સાથિયા, ૫૧ નૈવેદ્ય, ૫૧ ફળ વગેરે સહિત નાણની રચના કરવામાં આવી હતી.

પૂજ્યશ્રીએ મસૂરથી કા.વ.૭ તા.૧૫-૧૧-૨૨ મંગળવારે વિહાર કર્યો હતો. વિહાર કરતાં તેઓ પૂના-ટીંબર માર્કેટ પધાર્યા હતા. ત્યાં મનમોહનપાર્શ્વનાથ ભગવાન-ભવાની પેઠની સાલગીરા પર નિશ્રા પ્રદાન કરી બે દિવસ રોકાયા હતા. ત્યાંથી વિહાર કરી મુંબઈ પધાર્યા. તા.૧૬-૧૨-૨૦૨૨ માગ.વ.૮ શુક્રવારે ભૂલેશ્વર-બાલબાગ પધાર્યા. ત્યાં પૂ.ગુરુદેવ 'સૂરિમિત્રાનંદ' ના પ્રશિષ્ય અને વર્તમાન ગચ્છાધિપતિ પ્રવચનપ્રદીપ, મહારાષ્ટ્રશાર્દૂલ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયપુણ્યપાલસૂરીશ્વરજી મહારાજાને વંદન કર્યું. તેઓ ગત ચાતુર્માસમાં વણીમાં મોટી બીમારીમાં સપડાતા મુંબઈ લાવવામાં આવેલા, સારવારથી કેટલોક સુધારો થયો છે. એક મોટી ઘાતમાંથી બહાર આવ્યા છે. કાશ, હાલ માનસિક રીતે અત્યંત સ્વસ્થ છે. શાંત સુધારસ ગ્રંથ (તેઓને કંઠસ્થ છે) ના આધારે વિવિધ ભાવનાઓનું ચિંતન કરતા હોય છે. વ્યાખ્યાન-વાંચનાદિ આપે છે. ખાસ તેઓને શાતા પૂછવા માટે જ આચાર્ય ભગવંત મુંબઈ પધાર્યા. ત્રણ દિવસ ત્યાં રોકાયા. પૂ. ગચ્છાધિપતિ ત્યાંથી તા.૧૯-૧૨-૨૨ માગ વ.૧૧ અગિયારસે ચંદનબાબા પધાર્યા આચાર્ય મ.પણ ત્યાં જ સાથે પધાર્યા.

ભૂલેશ્વર-લાલબાગમાં ચાલતા એક સાધ્વીજી તત્ત્વદર્શનાશ્રીજી મ.ના ૧૦૦+૧૦૦ ઓળીના પૂર્ણાહુતિના પંચાહ્નિક મહોત્સવમાં ત્રણ દિવસ નિશ્રા પ્રદાન કરી.



ચંદનબાળામાં પધારતાં પૂર્વે વાલકેશ્વર-ડુંગરશી રોડ પર ' વંદન' બિલ્ડીંગના શિખરબદ્ધ જિનાલયની પ્રતિષ્ઠા નિમિત્ત ચાલતા ત્રિદિવસીય મહોત્સવમાં કુંભસ્થાપનાદિનાં વિધાનમાં નિશ્રા પ્રદાન કરવા પૂર્વક વાસક્ષેપ કર્યો. તે મહોત્સવ-પ્રતિષ્ઠામાં વિનંતિ હોવાથી એક દિવસ વધુ રોકાણ થયું. પ્રતિષ્ઠા (તા.૨૧-૧૨-૨૨) સમયે પૂ.આ.શ્રી ભવ્યદર્શનસૂરિ મ. શિખર પર ધ્વજાદંડ-ધ્વજ લહેરાવ-વાની વિધિમાં હતાં. ત્યાં મુહૂર્ત સમયે વિધિ-વાસક્ષેપ કરી નીચે ભગવાન-પર વાસવિધિ કરી હતી.

પૂજ્યશ્રીએ તા.૨૨-૧૨-૨૨ ના વિહાર કર્યો.દાદર-જ્ઞાનમંદિર પધાર્યા. તા.૨૩-૧૨ ના દિવસે પાર્લા ઈસ્ટમાં પધાર્યા.

તા.૨૪-૧૨ પો.સુ.૧ ના આગ્રહ હોવાથી ત્યાં જ સ્થિરતા કરી. પરેશભાઈ હીરાલાલ શાહ ખંભાતવાળા (જેઓએ પૂજ્યશ્રીની નિશ્રામાં શંખેશ્વરતીર્થે છ વર્ષ પૂર્વે ઉપધાન કરાવેલાં) ના નિવાસ સ્થાને પધારી પ્રવચન ફરમાવ્યું. ત્યાંથી પો.સુ.૨+૩ રવિવારે ગોરેગાંવ પધાર્યા. ત્યાં પણ પ્રવચન કર્યું. ત્યાંથી સુ.૪ સોમવારે બોરીવલી પધાર્યા. ત્યાં યતીનભાઈને ત્યાં વાપર્યા પછી સામૈયા સાથે ચંદાવરકરલેનના ઉપાશ્રયમાં પધાર્યા. ત્યાં પ્રવચન તથા રૂ.૨૦ નું સંઘપૂજન થયેલ. બધે ઠેકાણે વધુ સ્થિરતા માટે આગ્રહ થતો હતો. દરેક ઠેકાણે પ્રવચનનું વિશેષ આકર્ષણ રહેતું.

ત્યાંથી પીયૂષપાણી તીર્થ-ગિરનારધામ-થઈ મહાવીરધામ પધાર્યા. અહીં પૂ.હિંદીસાહિત્યકાર આ.ભ. શ્રીમદ્ વિજયરત્નસેનસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ઉપધાન ચાલું હતાં. ત્યાં પ્રવચન કર્યું. ત્યાંથી નીકળી ગુરુકુળ-પ્રતાપધામ-નાગેશ્વરધામ-જીરાવલાધામ-સોમટા-ચારોટીનાકા વગેરે થઈ ઉમરગામ પધારશે. ત્યાં સુશ્રાવક ચુનીલાલજી ઘમંડીરામજી ચંદન-દિલીપભાઈ ચંદન વગેરેનો આગ્રહ હોવાથી બે દિવસ સ્થિરતાની સંભાવના છે. (આ પરિવારે પૂ.ગુરુદેવ આ.ભ. શ્રીમદ્વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં ૨૪ તીર્થંકરની આરાધના, પાલિતાણાનાં ઉપધાન તપ, ઉંમરગામમાં સ્વદ્રવ્ય નિર્મિત ચંપાવિહાર-શ્રીવાસુપૂજ્ય સ્વામી જિનાલયની અંજનશલાકા-પ્રતિષ્ઠા વગેરે કાર્યો કરાવ્યાં છે. છ વર્ષ પૂર્વે સ્વદ્રવ્ય નિર્મિત સાંચોર પાસેના 'સંચવિહાર' ની અંજન-પ્રતિષ્ઠામાં પણ પૂ.આ.ભ. શ્રી ભવ્યદર્શન સૂરીશ્વરજી મહારાજને ખાસ આગ્રહ કરી લઈ ગયેલા. નિશ્રાનો લાભ લીધેલ. પરિવારની ઉદારતા જોરદાર છે. પરિવાર પર પૂ.ગુરુદેવનો ઉપકાર પણ અસીમ છે.)

ઉંમરગામથી વાપી - ઉદવાડા વગેરે રસ્તે આગળ વધશે.

**વિહારમાં સંપર્ક માટે - ૯૪૨૯૦-૨૨૦૨૨-હિતેશભાઈ, ૯૯૧૩૧-૨૨૦૨૨**

આગળ બોરસદમાં પૂજ્યશ્રીની નિશ્રામાં સામુદાયિક વર્ષીતપનો મંગલ પ્રારંભ થશે. પછી ત્યાંથી અમદાવાદ પધારવાની સંભાવના છે. ૫